## ઈકોસિસ્ટમ મજબૂત કરવા નવાં પગલાં જરૂરી

# ઉદ્યોગસાહસિકતા માટેનું શિક્ષણ ખીલવવાની જરૂર

ઉદ્યોગસાહસિકતાનાં વાતાવરણ માટે શિક્ષણ સૌથી મહત્વપૂર્ણ પાસું છે. ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ મોનિટર (GEM)ના તાજેતરના અભ્યાસમાં ખુલાસો થયો છે કે શૈક્ષણિક અભ્યાસક્રમમાં ઉદ્યોગસાહસિકતાનું શિક્ષણ યુવા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ પરિબળ છે. રિપોર્ટ મુજબ, અનુભવજન્ય શિક્ષણનું કલ્ચર વિદ્યાર્થીઓને વ્યાવસાયિક જગતમાંથી શીખવાની તક પ્રદાન કરશે, જેથી તેમને પોતાની ઉદ્યોગસાહસિકતાની સફરમાં મદદ મળશે. આ રીતે રિપોર્ટ વ્યાપકપણે સ્થાપિત અભિપ્રાયથી અલગ મત પ્રસ્તુત કરે છે કે ઉદ્યોગસાહસિકતા જન્મજાત હોય એવું જરૂરી નથી, પણ તેને તાલીમ મારફતે વિકસાવી શકાય છે. આ કારણે GEM રિપોર્ટમાં શાળા શિક્ષણમાં ઉદ્યોગસાહસિકતાને સમાવવાનું સૂચન કરવામાં આવ્યું છે.

**ઉદ્યોગ સાહસિકતા**

**ડૉ.સુનીલ શુક્લા**

ઈકોસિસ્ટમમાં સ્ટેકહોલ્ડર્સ દ્વારા પ્રયાસો કરવા છતાં ભારત સામાજિક ઉદ્યોગસાહસિકતામાં નીચું સ્થાન ધરાવે છે. GEM ગ્લોબલ રિપોર્ટ 2016-17 મુજબ, ઉદ્યોગસાહસિકતા અને સારી કારકિર્દીની પસંદગીની દ્રષ્ટિએ ભારત 62 અર્થતંત્રોમાં 57મું સ્થાન ધરાવે છે. આ માટે સમાજમાં ઉદ્યોગસાહસિકોને આપવામાં આવતો ઉતરતો દરજ્જો જવાબદાર હોઈ શકે છે, જ્યાં ભારત 62 અર્થતંત્રોમાંથી 61મું સ્થાન ધરાવે છે. જો ઉદ્યોગસાહસિકને સમાજમાં ઊંચો દરજ્જો મળે, તો કારકિર્દીનાં પસંદગીનાં વિકલ્પ તરીકે ઉદ્યોગસાહસિકતા મેનેજમેન્ટ, એન્જિનીયરિંગ, મેડિસિન અને એકાઉન્ટન્સી જેવી અન્ય શાખાઓ સાથે સ્પર્ધા કરી શકે છે. GEM રિપોર્ટ મુજબ, ઉદ્યોગસાહસિકતા વિકસાવવા માટે શિક્ષણ મુખ્ય અવરોધક પરિબળ છે.

NSDE નીતિ 2015ની મુખ્ય ભલામણો પૈકીની એક ભલામણ કૌશલ્ય-તાલીમ અભ્યાસક્રમો માટે અભ્યાસક્રમ અને ધારાધોરણો ડિઝાઈન કરવામાં ઉદ્યોગની સહભાગીદારી વિકસાવવાની છે. ઉદ્યોગની આ જ પ્રકારની ભાગીદારીની જરૂર ઉદ્યોગસાહસિકો માટે અભ્યાસક્રમ ડિઝાઈન કરવામાં આવે છે. આ દિશામાં સરકારનાં પ્રયાસો ઉલ્લેખનીય છે. નીતિ મુજબ, ઉદ્યોગસાહસિકતાના શિક્ષણને ભારતમાં 3,000 કોલેજોમાં મુખ્ય પ્રવાહનાં અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે. આ કોલેજોને વધારાનો સપોર્ટ પ્રદાન પણ કરવામાં આવશે અને ભરતી થયેલા વિદ્યાર્થીઓને



ઉદ્યોગસાહસિકતાનાં અભ્યાસક્રમો ડિલિવર કરવા વર્તમાન ફેકલ્ટીને પુનઃતાલીમ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ તેમની જરૂરિયાતો મુજબ ઉદ્યોગસાહસિકતાનાં અભ્યાસક્રમોની પસંદગી કરી શકશે, ત્યારે યુનિવર્સિટીઓને આ પ્રકારનાં અભ્યાસક્રમો માટે ક્રેડિટ આપવા પ્રોત્સાહન મળશે. ઉદ્યોગસાહસિકતાનાં અભ્યાસક્રમો સમગ્ર દેશમાં અંદાજે 325 ઔદ્યોગિક વસાહતોમાં પણ પૂરા પાડવામાં આવશે.

સરકાર તમામ રાજ્યોમાં 50 નોડલ આંત્રપ્રિન્યોરશિપ હબ (ઇ-હબ) સ્થાપિત કરવા પણ વિચારી રહી છે, જેનો ઉદ્દેશ તેમની જરૂરિયાતો મુજબ ઉદ્યોગસાહસિકતા શિક્ષણનાં મોડ્યુલ્સ માટે વર્તમાન અને સંભવિત ઉદ્યોગસાહસિકતાને લક્ષ્યાંક બનાવવાનો છે. હકીકતમાં ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE)એ નવીનતા અને સ્ટાર્ટ-અપ્સને પ્રેરિત કરવા માટે ઉદ્યોગસાહસિકતાનાં શિક્ષણને પ્રોત્સાહન આપવા સ્ટાર્ટ-અપ નીતિ પણ ડિઝાઈન કરી છે. AICTEની સ્ટાર્ટ-અપ નીતિ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા ખીલવવા AICTE, શૈક્ષણિક સંસ્થાઓ અને ટેકનોલોજી બિઝનેસ ઇન્ક્યુબેટર્સ (TBI)ની ભૂમિકાને રેખાંકિત કરશે. તેનો આશય 100,000 ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સ (વિદ્યાર્થીની માલિકીનાં) ઊભા કરવાનાં છે અને આગામી 10 વર્ષમાં (વર્ષ 2025 સુધીમાં) રોજગારીની 10 લાખ તકો ઊભી કરવાનો છે. આ માટે ઉદ્યોગસાહસિકતા માટે આદર્શ ઇકોસિસ્ટમ વિકસાવીને અને ટેકનિકલ સંસ્થાઓ વચ્ચે આંતર-સંસ્થાકીય ભાગીદારીને મજબૂત કરવામાં આવશે. સરકારી નીતિઓ ઉદ્યોગસાહસિકતાની ઇકોસિસ્ટમને સપોર્ટ કરવાની સંભવિતતા વધારી રહી છે.

(લેખકઃ ઇડીઆઇના ડિરેક્ટર છે)